Extra No. 209

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ] TUESDAY, AUGUST 25, 2026 / BHADRA 3, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી માર્ચ, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના તારીખ: ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીએસ/૨૦૨૬/૦૬/જીએડી/વીએસટી/ઈ-ફાઈલ/૧/૨૦૨૬/૧૨૯૯/એસ.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**પરિમલ જોષી,**

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

**NOTIFICATION**

***Under***

**The Census Act, 1948**

**વસ્તી ગણતરી અધિનિયમ, ૧૯૪૮ હેઠળ**

**જાહેરનામું**

**સામાન્ય વહીવટ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૬

**ક્રમાંકઃ જીએસ/૨૦૨૬/૦૬/જીએડી/વીએસટી/ઈ-ફાઈલ/૧/૨૦૨૬/૧૨૯૯/એસ:** ગૃહ મંત્રાલયનું નીચેનું જાહેરનામું સર્વે લોકોની જાણ સારું ફરીથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

**ગૃહ મંત્રાલય**

**(ભારતના રજિસ્ટ્રાર જનરલની કચેરી)**

**જાહેરનામું**

નવી દિલ્લી, તારીખ: ૨૨મી જાન્યુઆરી, ૨૦૨૬

**એસ.ઓ.૩૫૩ (ઈ):** વસ્તી ગણતરી અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૩૭મા) ની કલમ ૮ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ અને તારીખ: ૯મી જાન્યુઆરી, ૨૦૨૦ના ભારતના રાજપત્ર, અસાધારણ, ભાગ-૨, સેક્શન ૩, સબ-સેકશન (૨) માં પ્રસિદ્ધ થયેલા ભારત સરકારના ગૃહ મંત્રાલય (ભારતના રજિસ્ટ્રાર જનરલની કચેરી) ના તારીખ: ૭મી જાન્યુઆરી, ૨૦૨૦ના સરકારી જાહેરનામા ક્રમાંક. એસ.ઓ.૧૨૦ (ઈ) રદ કરીને, એવી રીતે રદ થયા પહેલા કરેલી અથવા કરવાની પડતી મૂકેલી બાબતોના સંબંધમાં હોય તે સિવાય, કેન્દ્ર સરકાર, આથી, સૂચના આપે છે કે તમામ વસ્તી ગણતરી અધિકારીઓ, જેના માટે તેમની અનુક્રમે નિમણૂક કરવામાં આવી હોય, તેવા સ્થાનિક વિસ્તારોની અંદર, ભારતની વસ્તી ગણતરી, ૨૦૨૭ના સંબંધમાં, ઘરની યાદી અને ઘરની વસ્તી ગણતરીને લગતી અનુસૂચિ મારફત માહિતી એકત્રિત કરવા માટે, નીચે વર્ણવેલી બાબતો પર તમામ વ્યક્તિઓને, આવા તમામ પ્રશ્નો પૂછી શકશે :-

૧. મકાન નંબર (મ્યુનિસિપલ અથવા સ્થાનિક સત્તામંડળ અથવા વસ્તી ગણતરી નંબર)

૨. વસ્તી ગણતરી માટેનો ઘર નંબર.

૩. વસ્તી ગણતરીના માટેના ઘરના માળની મુખ્ય સામગ્રી.

૪. વસ્તી ગણતરીના માટેના ઘરની દીવાલની મુખ્ય સામગ્રી.

૫. વસ્તી ગણતરીના માટેના ઘરની છતની મુખ્ય સામગ્રી.

૬. વસ્તી ગણતરીના મકાનનો સુનિશ્ચિત ઉપયોગ.

૭. વસ્તી ગણતરીના માટેના ઘરની સ્થિતિ.

૮. કુટુંબની સંખ્યા.

૯. કુટુંબમાં સામાન્ય રીતે રહેતા વ્યક્તિઓની કુલ સંખ્યા.

૧૦. કુટુંબના વડાનું નામ.

૧૧. કુટુંબના વડાની જાતિ (લિંગ).

૧૨. કુટુંબના વડા અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિ/ અન્ય જાતિમાં આવે છે કે કેમ.

૧૩. વસ્તી ગણતરી માટેના ઘરની માલિકીનો દરજ્જો.

૧૪. ફક્ત કુટુંબના કબજામાં હોય તેવા રહેવાના ઓરડાની સંખ્યા.

૧૫. કુટુંબમાં રહેતા પરિણીત દંપતી (ઓ) ની સંખ્યા.

૧૬. પીવાના પાણીનો મુખ્ય સ્ત્રોત.

૧૭. પીવાના પાણીના સ્ત્રોતની ઉપલભ્યતા.

૧૮. વીજળીનો મુખ્ય સ્ત્રોત.

૧૯. શૌચાલયની સુલભતા.

૨૦. શૌચાલયનો પ્રકાર.

૨૧. ગંદા પાણીના નિકાલ (મોરી) ની વ્યવસ્થા.

૨૨. સ્નાન કરવાની સુવિધાની ઉપલભ્યતા.

૨૩. રસોડા અને એલપીજી/પીએનજી જોડાણની ઉપલભ્યતા.

૨૪. રાંધવા માટે વપરાતું મુખ્ય ઈંધણ.

૨૫. રેડિયો/ટ્રાન્સિસ્ટર.

૨૬. ટેલિવિઝન.

૨૭. ઈન્ટરનેટની સુલભતા.

૨૮. લેપટોપ/કોમ્પ્યુટર.

૨૯. ટેલિફોન/મોબાઈલ ફોન/સ્માર્ટફોન.

૩૦. બાઈસિકલ/સ્કૂટર/મોટરસાઈકલ/મોપેડ.

૩૧. કાર/જીપ/વાન.

૩૨. કુટુંબમાં વપરાશમાં લેવામાં આવતું મુખ્ય અનાજ.

૩૩. મોબાઈલ નંબર (ફક્ત વસ્તી ગણતરી સંબંધિત સંદેશાવ્યવહાર માટે).

[એફ. નં. ૯/૮/૨૦૨૫-સીડી (સેન્સસ)]

**મૃત્યુંજય કુમાર નારાયણ,**

રજિસ્ટ્રાર જનરલ અને વસ્તી ગણતરી (સેન્સસ) કમિશનર, ભારત.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**માયા એમ. ડાભી,**

સરકારના નાયબ સચિવ.

-------------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.08.25 19:22:18 IST